ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# નવી સીરીઝમાં ૯ નંબર માટે રૂ. ૧.૬૧ લાખ ચૂકવાયા !

## આર.ટી.ઓ.એ ૫૩ પસંદગીના નંબરો ફાળવ્યા ૩૦.૮૬ લાખની વિક્રમી આવક મેળવી

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર આર.ટી.ઓ. કચેરી દ્વારા જીજે-૧૮-બી.બી.ની નવી સીરીઝ શરૂ થતા પસંદગીના નંબરો ઉપલબ્ધ થયેલી ૪૭૪ અરજીઓ પૈકી આ નંબરોની ફાળવણી કરવામાં આવી હતી. જેમાં ૯ નંબર માટેનો ક્રેઝ અકબંધ રહ્યો હતો. જી.જે-૧૮ના પાસિંગ સાથે ૯ નંબરનો અદ્ભુત રામ-વય મેળવવા માટે રૂ. ૧.૬૧ લાખની ચુકવણી થઈ હતી. જ્યારે ૭ નંબર રૂ. ૭૭૭૭૮ ની ઉંચી રકમ ચુકવાઈ હતી. આ ઉપરાંત ત્રણ એક્કાનો નંબર મેળવવા પણ રૂ. ૭૭૭૭૭ની બોલી થઈ હતી.

### ૪૪૪ નંબર કોઈને ફાળવ્યો તો ખેર નથી...!!

ગાંધીનગર, તા. ૧

'ટ્રીપલ ફોર'... ત્રણ ચોગ્ગા આ નંબર માટે મોડલ કહેવાતી આર.ટી.ઓ. કચેરીઓ અમુક એજન્ટોએ રીતસર બિભત્સ ઉચ્ચારણો કરી ઓફીસ કલ્ચર ડહોળી નાંખ્યું હતું. આજે બપોરના સમયે આર.ટી.ઓ. કચેરીમાં કોઈ એજન્ટે કર્મચારીને ધમકીભર્યા સૂરમાં જણાવ્યું હતું કે '૪૪૪ નંબર મે માંગ્યો છે મને મળવો જોઈએ... બીજા કોઈને ફાળવ્યો તો ખેર નથી. આ દરમિયાન બિભત્સ ઉચ્ચારણો થતા રીશેષ સમયમાં એકત્રિત મહીલાઓએ પણ એજન્ટોની દાદાગીરીભરી અને બિભત્સ વર્તણૂંકથી ક્ષોભજનક સ્થિતિમાં મુકાવવું પડ્યું હતું.

પસંદગીના નંબરો માટે હરાજીની પ્રક્રીયા યોજવામાં આવી હતી. આર.ટી.ઓ. કચેરી કક્ષાએથી ૫૩ પસંદગીના નંબરો ફાળવી રૂ. ૩૦.૮૬ લાખની વિક્રમી આવક કરી છે.

આર.ટી.ઓ. દ્વારા વાહનોના નંબર માટે જી.જે.-૧૮ બી.બી.ની નવી સીરીઝ શરૂ કરાઈ છે. જ્યારે

● અનુસંધાન પાન-૭ પર

# આજે ભાજપ પાર્લામેન્ટરી બોર્ડ ૪૦ બેઠકો અંગે ચર્ચા કરશે

## ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં સમિક્ષાનો દોર : બેઠકના ત્રીજા દિવસે મોડી સાંજ સુધી કુલ ૩૩ બેઠકોની સમિક્ષા કરાઈ : ઘણા ઉમેદવારોના ભાવિ પર ચર્ચા થઈ

અમાવાદ,તા.૧

ભાજપ પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક યથાવતરીતે આગળ વધી રહી છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ઉમેદવારોના નામ પર વ્યાપક ચર્ચાવિચારણા કરવામાં આવી રહી છે. ૩૦મી ઓક્ટોબરે શરૂ થયેલી પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક ચોથી નવેમ્બર સુધી સતત છ દિવસ ચાલનાર છે. આજે પણ મોડી સાંજ સુધી બેઠક ચાલી હતી. ભાવનગર શહેર જિલ્લા, જૂનાગઢ શહેર જિલ્લા, રાજકોટ શહેર જિલ્લા અને પાટણની ૩૩ બેઠકોની સમિક્ષા કરવામાં આવી હતી. બીજી નવેમ્બરના દિવસે એટલે કે આવતીકાલે યોજાનારી બેઠકમાં ૪૦ બેઠકોની સમિક્ષા હાથ ધરવામાં આવનાર છે. ભાજપના મિડિયા ઈન્ચાર્જ જગદીશ ભાવસારે એક યાદીમાં આ મુજબની માહિતી આપી હતી. ગુજરાત પ્રદેશ ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક આજે ત્રીજા દિવસે પણ યથાવતરીતે જારી રહી હતી. આજે ત્રીજા દિવસે ભાવનગર શહેર જિલ્લા અને બપોર બાદ જૂનાગઢ શહેર જિલ્લા તથા રાજકોટ શહેર જિલ્લાની ચર્ચા કરવામાં આવી હતી.



વધતી જતી ઠંડીની સાથે દિવાળીની મોસમ પણ ખીલી રહી છે અને દિવાળીને વધાવવા માટે ખરીદીની મોસમ જોર પકડી રહી છે. પહેલી તેજી કપડાંની ખરીદીમાં દેખાઈ રહી છે. જાણીતા સ્ટોર્સમાં તો ગ્રાહકોની ભીડ તો છે જ, પરંતુ એ ઉપરાંત રસ્તા ઉપર લાગેલી હાટડીઓમાં પણ લોકો ખરીદી માટે ઊમટી રહ્યા છે. એ ઉપરાંત અલંકારોની ખરીદીનો પણ ધીમો આરંભ થયો છે. પુષ્યનક્ષત્ર નજદીક છે ત્યારે હવે આભૂષણોની ખરીદીમાં તેજી દેખાય એવી શક્યતાઓ જોવામાં આવી રહી છે. (તસવીર : દિપક જાની)

# ધો. ૫ થી ૯ના બીજા સેમેસ્ટરના પાઠ્યપુસ્તકોના અભાવે વિદ્યાર્થીઓ શાળામાં બેસી રહે છે

## નવરાત્રી અગાઉ જ પહેલા સેમેસ્ટરની પરીક્ષા પૂર્ણ થઈ ગઈ હતી : બીજા સેમેસ્ટરના પુસ્તકો જ ઉપલબ્ધ ન હોવાથી વિદ્યાર્થીઓને શાળામાં બેસાડી રખાય છે

ગાંધીનગર, તા. ૧

વિદ્યાર્થીઓની હાલત હાલમાં કફોડી છે. શિક્ષણ વિભાગ અને પાઠ્યપુસ્તક મંડળના અણધડ આયોજનનો ભોગ વિદ્યાર્થીઓને બનવું પડી રહ્યું છે. ધો. ૫ થી ૯ ની પ્રથમ સેમેસ્ટરની પરીક્ષા નવરાત્રી પહેલાં જ પુરી થઈ ગઈ છે ત્યારે બીજા સેમેસ્ટરના પુસ્તકો હજુ પણ ઉપલબ્ધ ન હોવાથી વિદ્યાર્થીઓને શાળામાં બેસી રહેવું પડે છે. શાળાઓમાં શૈક્ષણિક કાર્ય ઠપ્પ થઈ જતાં ઘણા વિદ્યાર્થીઓ શાળામાં જતાં જ નથી.

ધો. ૫ થી ૯માં ચાલુ વર્ષથી સેમેસ્ટર પદ્ધતીનો અમલ કરાયો છે પરંતુ આગોતરા આયોજનના અભાવે વિદ્યાર્થીઓનું શૈક્ષણિક કાર્ય બગડી રહ્યું છે. વળી વાલીઓ પર આર્થિક બોજ પણ પડી રહ્યો છે. ધો. ૫ થી ૯માં પ્રથમ સેમેસ્ટરની પરીક્ષા નવરાત્રી પહેલાં જ પુરી થઈ ગઈ હતી. હજુ દિવાળી વેકેશન ૧૨મી નવેમ્બરથી પડશે. આ દરમ્યાન શાળાઓ તો ચાલુ છૈ પરંતુ બીજા સેમેસ્ટરના પાઠ્યપુસ્તકો હજુ સુધી બજારમાં ઉપલબ્ધ ન હોવાથી શાળાઓમાં શું ભણાવવું તે પ્રશ્ન શિક્ષકોને સતાવી રહ્યો છે. સેમેસ્ટર પદ્ધતી હોવાથી પુનરાવર્તન કરાવવુ પણ અર્થ વગરનું છે. છેલ્લા એક મહિનાથી વિદ્યાર્થીઓ શાળામાં બેસી રહ્યા છે. શાળામાં અભ્યાસ ચલાવાતો જ ન હોવાથી ઘણા વિદ્યાર્થીઓએ શાળામાં જવાનુ જ બંધ કરી દીધુ છે. હોસ્ટેલમાં રહેતા ઘણા વિદ્યાર્થીઓ વતન જતાં રહ્યા છે. જ્યારે કેટલાક વિદ્યાર્થીઓ ઈતર પ્રવૃત્તિઓ તરફ વળ્યાં છે. વાલીઓ નવા પાઠ્યપુસ્તકો માટે અવારનવાર બજારોના અને પાઠ્યપુસ્તક મંડળના ધક્કા ખાઈ રહ્યા છે. શિક્ષણ વિભાગે સેમેસ્ટર પદ્ધતીનો અમલ જરૂર કરી દીધો છે પરંતુ તેના અમલીકરણમાં જે ગંભીરતા અને આયોજન હોવા જોઈએ તેનો અભાવ છે. વિદ્યાર્થીઓને અણધડ આયોજનના અભાવે સહન કરવુ પડી રહ્યું છે.

### અગમ્ય કારણોસર વેકેશનની તારીખ પાછળ ઠેલાઈ

ગાંધીનગર, તા.૧

દિવાળી વેકેશન બાબતે વિદ્યાર્થીઓમાં મુંઝવણ છે. શિક્ષણ બોર્ડનું જે કેલેન્ડર છે તેમાં દિવાળી વેકેશન પડવાની તારીખ ૮મી નવેમ્બર દર્શાવાઈ છે પરંતુ શાળાઓમાં હાલમાં જે તારીખ જાહેર કરાઈ છે તે ૧૨મી નવેમ્બર છે. શહેરની મોટાભાગની શાળાઓમાં ૧૨મી નવેમ્બરથી વેકેશન પડશે. ૧૩મીએ તો દિવાળી હોવાથી માત્ર એક જ દિવસ અગાઉ વેકેશન પડતું હોવાથી વિદ્યાર્થીઓ પરેશાની ભોગવી રહ્યા છે. એમ પણ હાલમાં પાઠય પુસ્તકોના અભાવે શાળામાં અભ્યાસ ચાલતો નથી ત્યારે અગમ્ય કારણોસર વેકેશનની તારીખ પાછળ ઠેલાવાઈ છે.

# બાયોલોજીમાં અમુક પ્રશ્નો ટ્વીસ્ટ કરીને પૂછાતાં વિદ્યાર્થીઓને મુંઝવણ

## પ્રશ્નપત્ર એકંદરે સરળ, ૬ ગુણના પ્રશ્નોના જવાબ આપવામાં વિદ્યાર્થીઓને તકલીફ પડી

ગાંધીનગર, તા. ૧

ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં તૃતીય સેમીસ્ટરની પરીક્ષા દરમિયાન આજે બાયોલોજીમાં ૬ ગુણના પ્રશ્નો સિવાય પ્રશ્નપત્ર એકંદરે સરળ રહ્યું. ટેક્ષ આધારિત સરળ પ્રશ્નપત્રના લીધે એવરેજ વિદ્યાર્થીઓને પણ ફાયદો થશે તેમ વિષય તજજ્ઞોએ જણાવ્યું છે.

ધો.-૧૨ વિજ્ઞાન પ્રવાહની ત્રીજા સેમીસ્ટરની પરીક્ષા અન્વયે મુખ્ય ચાર વિષયોની કસોટી પૂર્ણ થતા વિદ્યાર્થીઓનો ભાર હળવો થયો છે. ફિઝીક્સ અને કેમેસ્ટ્રીના અમુક અટપટા પ્રશ્નો બાદ કરતા મોટાભાગના પેપરો ટેક્ષઆધારિત અને સરળ નિકળતા એવરેજ વિદ્યાર્થીઓએ હાંશકારો લીધો છે. પરંતુ સ્કોર કરવા મથતા હોંશિયાર વિદ્યાર્થીઓને ટ્વીસ્ટ પ્રશ્નોથી મુંજવણ થઈ હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. આજે પણ બાયોલોજીના પ્રશ્નપત્રમાં ૬ ગુણના પ્રશ્નોએ વિદ્યાર્થીને મુંઝવ્યા હતા. વેદ ઈન્ટરનેશનલ સ્કૂલના મૌલિન ત્રિવેદીએ બાયોલોજીના પ્રશ્નપત્ર અંગે જણાવ્યું હતું કે પેપર સરળ અને ટેક્ષબુક બેઈઝ હતુ. પરંતુ ૬ ગુણના વૈકલ્પિક પ્રશ્નોએ વિદ્યાર્થીઓ માટે મુંઝવણ ઉભી કરી હતી. ટ્વીસ્ટ કરીને પુછાયેલા પ્રશ્નોમાં રજૂ થયેલા ઓપ્શનથી પણ પરીક્ષાર્થીઓને ઉત્તર આપવામાં મુંજવણ થઈ હતી.

# મિત્રને દાબેલીમાં ઝેર ખવડાવી મારી નાંખવાના ગુન્હામાં આરોપીને આજીવન કેદ

## જૂની અદાવત રાખી જન્મદિનની પાર્ટી આપવાના બહાને દારૂ પીવડાવી ઝેરી પદાર્થયુકત દાબેલી ખવડાવી

ગાંધીનગર, તા.૧

અંગત મિત્રને દાબેલીમાં ઝેર નાંખીને ખવડાવી મોતને ઘાટ ઉતારવાના કેસમાં ગાંધીનગર ડીસ્ટ્રીકટ કોર્ટે આરોપીને આજીવન કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર મોટેરામાં રહેતા મંગળસિંહ પ્રજાપતિ તેમજ તેના મિત્ર મનીષ પ્રભુભાઈ રાઠોડ અને પંકજ અશોકભાઈ ઉપાધ્યાય સાથે આ કેસના આરોપી કિશોર ઉર્ફે રાજુ સુરેન્દ્રસિંગ સુદામાસીંગ યાદવે મિત્રતા બાંધી હતી. જયારે આરોપી કમલ કિશોરની બહેન તેમજ અન્ય એક ગૌરાંગ પ્રજાપતિ વચ્ચે પ્રેમ સંબંધ પાંગર્યો હતો. આ દરમિયાન આરોપીએ તેના મિત્ર મંગળ, પંકજ અને મનીષને ગૌરાંગને મારવા માટે કહ્યું હતું. પરંતુ ત્રણેય મિત્રોએ તેમ કરવાની ના પાડી દીધી હતી. જયારે આ મામલે આરોપી કમલકિશોર ઉર્ફે રાજુએ અદાવત રાખી દિવાળી દરમિયાન વિતેલા જન્મદિનની પાર્ટી આપવાનુ તરકટ કરી ત્રણેય મિત્રોને ભેગા કરવાનું નક્કી કર્યું હતું. જે મુજબ તા. ૨૨ જાન્યુઆરી વર્ષ ૨૦૧૨ના રોજ આરોપીએ મંગળસિંહ, પંકજ અને મનીષને ગાંધીનગર સ્થિત હાઈવે પર ખુલ્લી જગ્યામાં બોલાવ્યા હતા. જયાં આરોપીએ મિત્રોને મારી નાંખવાના ઈરાદે ઈંગ્લીશ દારુ પીવડાવી એક્રોનીટીન નામનો ઝેરી પદાર્થ ભેળવી દાબેલી ખવડાવી હતી. આ વેળાએ મંગળસિંહ પ્રજાપતિએ આવી દાબેલી ખાઈ જતા તેનું કરૂણ મોત નિપજયું હતું. જયારે પંકજ અને મનીષે પણ અડધી અડધી દાબેલી ખાતા ઝેરની અસર થઈ હતી. તાત્કાલિક સારવાર આપી બંને યુવાનોને બચાવી લેવાયા હતા. બનાવ સંદર્ભે ચાંદખેડા પોલીસ મથકે ગુન્હો નોંધાયો હતો. આ કેસ ગાંધીનગરની ડિસ્ટ્રીકટ કોર્ટમાં ચાલી જતા મૃત્યુ પામનાર મંગળસિંહના મિત્રોની અને ડોકટરની જુબાની સહિતના પુરાવાઓ કોર્ટે ધ્યાને લીધા હતા. સરકારી વકીલ સુનીલ પંડયાએ કોર્ટ સમક્ષ દલીલ કરતા જણાવ્યું હતું કે આરોપીએ મિત્રતા ઉભી કરી વિશ્વાસ સંપાદિત કરી ઝેર ખવડાવવાનો ગુન્હો આચર્યો છે. જેથી આરોપીને જન્મટીપની સજા થવી જોઈએ. પુરાવા અને દલીલોને ધ્યાને લઈ ડિસ્ટ્રીકટ જજ જી.કે. ઉપાધ્યાયે આરોપીને આજીવન કેદની સજા તેમજ રૂ. ૩૬ હજારનો દંડ ભોગવવા હુકમ કર્યો છે.

# મેલેરિયા-ડેન્ગ્યુના વધતા કેસોના અભ્યાસ માટે તજજ્ઞોની ટીમ ગાંધીનગર પહોંચી

## આજે કલોલ જઈ આ ટીમ સ્થિતિનો અભ્યાસ કરશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરમાં વધી રહેલા મેલેરિયા અને ડેન્ગ્યુના કેસોના પગલે નડિયાદ સ્થિત નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેલેરિયા રિસર્ચની એક ટીમ આજે શહેરની મુલાકાતે હતી અને આ ટીમ કાલે કલોલ શહેરની પણ મુલાકાત લેનાર છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ શહેરી વિસ્તારમાં વધી રહેલા મેલેરિયા અને ડેન્ગ્યુના કેસોને લઈ સ્થિતિનો અભ્યાસ કરતા રાજ્યના આરોગ્ય તંત્રએ કરેલા સૂચનને પગલે આ ટીમ આજે ગાંધીનગર આવી હતી. આ ટીમે આજે સેક્ટર-૨ અને ચરેડીના સ્લમ વિસ્તારની મુલાકાત લીધી હતી. જોકે આ ટીમને તેની તપાસની કામગીરી દરમ્યાન તંત્રએ કરેલી કામગીરીને ચકાસી હતી એટલુ જ નહિ પણ આ ટીમને મચ્છરોની ઉત્પત્તિના કેન્દ્રો પણ નહિ મળી આવ્યાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લામાં ગયા વર્ષે અમદાવાદની ટીમ અભ્યાસ માટે આવી હતી જયારે આ ઈન્સ્ટીટ્યુટની ટીમ ત્રણ વર્ષ બાદ ગાંધીનગરમાં અભ્યાસ માટે આવી છે.

૪ સભ્યો ધરાવતી આ ટીમે ડેન્ગ્યુના મચ્છરો, મેલેરિયાના કેસો તેમજ વાઈરલ કયા પ્રકારના છે તે બધી જ બાબતોને આવરી લઈ પોતાનો અહેવાલ તૈયાર કરી રાજ્યના આરોગ્યતંત્રને સુપ્રત કરશે. એન્ટી લારવેલની કામગીરી સર્વેલન્સની કામગીરીને લઈ પણ ટીમે પ્રશ્નોત્તરી કરી હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા થોડાક સમયથી વાતાવરણમાં પલ્ટો આવ્યો હોવા છતાં જે રીતે કેસો મળી રહ્યા છે તે જાણીને આ ટીમ પણ ચોંકી ઉઠી હતી. જો કે સ્લમ વિસ્તાર અને અન્ય વિસ્તારોમાં ટાંચા સાધનો વચ્ચે પણ જે અસરકારક કામગીરી થઈ છે તેનાથી ટીમ પ્રભાવિત થયેલી જણાઈ હતી.

શ્રી શ્રી ૧૦૦૮ ત્યાગી મહારાજ કી જય


દીપાવલીના શુભ પર્વ નિમિત્તે સિદ્ધ કરેલ 'શ્રીયંત્ર' મળશે

જે ઘરમાં શ્રી યંત્ર હોય છે, તે ઘરને જ નહીં તેની આજુબાજુનાં વૃક્ષો, વાતાવરણ, જીવજંતુ વગેરેને પણ તેના શુભ ફળો મળે છે. આ શ્રીયંત્ર મેળળીને ઓફીસમાં, ઘરમાં, વેપારમાં, નોકરી-ધંધામાં આકસ્મિક લાભ મેળવી શકાય છે. આ શ્રીયંત્ર પાસે રાખવાથી જીવનની તમામ મુશ્કેલીઓનું નિવારણ થાય છે.

શ્રી યંત્ર મર્યાદિત સંખ્યામાં હોવાથી અગાઉથી ફોન/રૂબરૂ નોંધાવવું જરૂરી છે.

મો. ૯૬૨૪૪૮૭૯૫૨ શ્રીયંત્ર સાથે ફેંગસૂઈ કાચબા ફ્રી આપવામાં આવશે.













Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com